# આરૂષિ હત્યા કેસમાં મા-બાપને આજીવન કેદ

ગાઝિયાબાદ, તા.૨૬

ગાઝિયાબાદની સીબીઆઈ અદાલતના જજ શ્યામલાલે આજે આરૂષિ-હેમરાજ હત્યાકાંડ મામલાના દોષિત રાજેશ તલવાર અને નૂપુર તલવારને આઈપીસીની કલમ ૩૦૨ મુજબ ઉમરકેદની સજા આપી છે. આ ઉપરાંત કલમ ૨૦૧ મુજબ બંનેને પાંચ-પાંચ વર્ષની સજા આપવામાં આવી છે. જ્યારે રાજેશ તલવારને કલમ નંબર ૨૦૩ મુજબ વધુ એક વર્ષની સજા આપી છે. આ ઉપરાંત અદાલતે રાજેશ તલવાર પર ૧૭૦૦૦ અને નૂપુર તલવાર પર ૧૫૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. અદાલતમાં સજા આવ્યા બાદ તલવાર દંપત્તિના ચહેરા પર પસ્તાવાનો ભાવ સ્પષ્ટ જોઈ શકાતો હતો. આ પહેલા અદાલતે સોમવારે નૂપુર તલવાર અને રાજેશ તલવારને તેમની પુત્ર આરૂષિ અને નોકર હેમરાજની હત્યામાં દોષિત જાહેર કર્યો હતો અને સજાની જાહેરાત મંગળવાર પર મુલતવી રાખી હતી. આજે બપોરે ૨.૧૦ કલાકે સજા નક્કી કરવા માટે કોર્ટમાં સુનાવણી શરૂ થઈ હતી. આ દરમિયાન સીબીઆઈના વકીલ આરકે સોનીએ આ કેસને રેર ઓફ ધ રેર કેસની શ્રેણીમાં ગણવાની માંગ કરી હતી કે કમ કે મે ૨૦૦૮માં આરૂષિ અને નોકર હેમરાજ તલવાર દંપત્તિના નોઈડા સ્થિત ઘરમાં મૃત અવસ્થામાં મળ્યા હતા. તેમના ગળાના ભાગે નિશાનો મળી આવ્યા હતા. આ એક નહીં પરંતુ બબ્બે હત્યાનો કેસ છે. પહેલા ગોલ્ફ સ્ટીકથી ફટકાર્યા બાદ ધારદાર હથિયારથી ગળુ કાપી નાંખવામાં આવ્યુ હતુ આથી આ ઘટના રેર ઓફ ધ રેર છે. હત્યાની ગંભીરતા



જોતા બંનેને સજા-એ-મોત થવી જોઈએ. જો કે આ દલીલને કોર્ટે સ્વીકારી ન હોતી.

બચાવ પક્ષના વકીલે દલીલ કરી હતી કે તલવાર દંપત્તિ સામે ખાસ પુરાવા મળ્યા નથી. છતાં તેમને દોષિત માનવામાં આવ્યા છે ત્યારે તેમને નિર્દોષ માની શક્ય બને તેટલી ઓછી સજા કરવી જોઈએ. ઘટના સમયે જે કાંઈ પણ થયુ તે ક્ષણિક આવેશ હતો. એટલે આ કેસને રેર ઓફ ધ રેર કેસ ગણી શકાય નહીં. સીબીઆઈ કોર્ટે બચાવ પક્ષની દલીલો માન્ય રાખી આ કેસમાં ઓછામાં ઓછી એવી આજીવન કેદની સજા ફટકારી હતી. હવે તલવાર દંપત્તિ ૯૦ દિવસની અંદર સીબીઆઈ કોર્ટના ચુકાદા વિરુદ્ધ હાઈકોર્ટમાં અરજી કરી શકશે. ત્યાં સુધી દંપત્તિએ જેલમાં રહેવું પડશે.

## ભારતમાં ડીઝલ અને પેટ્રોલની વધતા ભાવ પર લગામ લાગશે

નવી દિલ્હી,તા. ૨૬

અમેરિકાની આગેવાનીમાં દુનિયાના ૭ મહાસત્તાઓએ ઈરાન સાથે અણુ કરાર કર્યો છે. આ સાથે જ ભારતના ક્રૂડ ઓઈલ સસ્તુ થવાની શક્યતા વધી ગઈ છે. ઓઈલ મંત્રાલયના અંદાજ મુજબ ભારત ઈરાનમાંથી ૧૧ મિલિયન ટન ક્રૂડ ઓઈલની આયાત કરે છે જે સંદર્ભે આ કરાર બાદ ૮.૫ બિલિયન ડૉલર એટલે કે ૫૩૧ કરોડ રૂપિયાની બચત થશે જેનો સીધો લાભ આમ આદમીને મળશે. ભારતમાં ક્રૂડ ઓઈલની કિંમત ૧૦૮ ડૉલર પ્રતિ બેરર આવી ગઈ છે જે વધુ ઘટવાની સંભાવના છે. વર્તમાન સમયમાં ક્રૂડ ઓઈલની માંગ પણ ઓછી છે. તેવી સ્થિતિમાં ઈરાન તરફથી ક્રૂડ ઓઈલ સપ્લાય વધારવામાં આવશે તો ક્રૂડ ઓઈલનોજથ્થો હજુ પણ વધી જશે એવામાં આવી સ્થિતિમાં ક્રૂડ ઓઈલની કિંમત ભારતમાં ૧૦૦ ડૉલર પ્રતિ બેરરથી નીચે આવી જશે. અમેરિકાની એક તેલ કંપનીના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે જો આમ થશે તો ભારતની ક્રૂડ ઓઈલની આયાત ખર્ચમાં ૧૦ ટકા સુધીનો ઘટાડો નોંધાશે. જો ક્રૂડ ઓઈલની કિંમત ઘટી જશે તો તેલ કંપનીઓનું નુકસાન પણ ઘટી જશે. જેનાથી પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારાનો ચાલી રહેલ સિલસિલો અટકી જશે. તેલ કંપનીઓએ પેટ્રોલિયમ પ્રોડક્ટ માટે ભાવ વધારો કરવાની ફરજ નહીં પડે. જેનાથી સામાન્ય લોકોને લાભ થશે.

## શતરંજ ચેમ્પિયન કાર્લસનને ૯.૯૦ કરોડનું ઈનામ

ચેન્નાઈ, તા.૨૬

નવા વિશ્વ ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને વિશ્વ શતરંજ ચેમ્પિયનશીપ મુકાબલામાં ગત ચેમ્પિયન વિશ્વનાથન આનંદને હરાવવા માટે નવ કરોડ નેવું લાખ રૂપિયાના ઈનામની રકમ આપવામાં આવી .તામીલનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ લગભગ ૧૦ મિનિટ ચાલેલ કાર્યક્રમમાં નોર્વેન કાર્લસન અને ભારતના આનંદને ઈનામની રકમ અને ટ્રોફી આપી હતી.

આ પ્રતિષ્ઠિત ખિતાબ જીતનાર ગેરી કાસ્પારોવ પછીના સૌથી યુવા ખેલાડી કાર્લસનને સોનાનું પાણી ચઢાવેલ ટ્રોફી આપવામાં આવી જેની ડિઝાઈન જયલલિતાએ પસંદ કરી હતી. આ સિવાય તેને સુવર્ણચંદ્રક અને ફુલોની માળા આપવામાં આવી. પાંચ વખતના વિશ્વ ચેમ્પિયન આનંદે ૭ કરોડ ત્રણ લાખ રૂપિયા, રજત



ટ્રોફી આને રજતચંદ્રકથી સંતોષ માનવો પડ્યો હતો. કાર્લસને આનંદને ૬-૫, ૩-૫થી હરાવ્યો. ફિડેના અધ્યક્ષ કિરસાન ઈલિયુમઝિનોવે કાર્લસન અને આનંદને તેમના ચંદ્રક આપ્યા હતા.

કાર્લસને આખી રાત પાર્ટી કરીને વિજયની ઉજવણી કરી ભારતના વિશ્વનાથન આનંદને હરાવીને વર્લ્ડ ચેમ્પિયનશીપ જીતનારા નોર્વેના કાર્લસને આખી રાત પાર્ટી કરીને વિજયની ઉજવણી કરી હતી. કાર્લસના મેનેજર એસ્પેન એઝેસ્ટેઈને કહ્યું કે, વર્લ્ડ ટાઈટલ જીત્યા બાદ કાર્લસને મિડિયા સાથે વાતચીત કરી હતી અને ત્યારબાદ તેના પ્રાયોજકોએ એક ભવ્ય પાર્ટીનું આયોજન કર્યું હતું, જે પછી તરત જ તેઓએ જ કાર્લસનને બ્લેઝર સાથે પાણીમાં ધકેલ્યો હતો. વિજયથી ખુશખુશાલ કાર્લસને પણ દરેક પળને માણી હતી. કાર્લસનને ઈન્ટરનેટ પર નોર્વેના વડાપ્રધાન અભિનંદન પાઠવ્યા હતા. અને તેની સાથે વાતચીત કરી હતી. બીજી તરફ પરાજય બાદ આનંદના કેમ્પમાં સન્નાટો હતો. તેણે તેની ટીમ સાથે ડિનર લીધું હતું અને ત્યારબાદ તે સૂવા જતો રહ્યો હતો તેણે તેની પત્ની અરૂણા સાથે હોટલ છોડી દીધી હતી. આનંદ એનઆઈઆઈટીનો બ્રાન્ટ એમ્બેસેડર રહેશે. વિશ્વ ચેમ્પિયનનું સ્થાન જાળવવામાં નિષ્ફળ રહેવા છતાં ભારતના દિગ્ગજ શતરંજ ખેલાડી વિશ્વનાથન આનંદ આઈટીની ટોચની ઈન્સ્ટિટ્યુટ એનઆઈઆઈટીનો બ્રાન્ડ એમ્બેસેડર બની રહેશે.

## સીરિયા ગૃહયુદ્ધમાં ૧૧ હજારથી વધુ બાળકોનો ખાત્મો : રિપોર્ટ

સીરિયા તા. ૨૩

સીરિયાનામાં અઢી વર્ષ કરતાં વધુ સમયથી ચાલી રહેલા આંતરવિગ્રહમાં અત્યાર સુધીમાં કુલ ૧૧ હજાર કરતાં વધુ બાળકોનો ખાત્મો બોલાયો હોવાનો ધટસ્ફોટ લંડન સ્થિત ઓક્સફોર્ડ રીસર્ચ ગ્રુપના રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. મોટાભાગના બાળકો બોમ્બ બ્લાસ્ટમાં મર્યા હોવાનું જણાય છે. જ્યારે કેટલાકની ગોળી મારીને હત્યા કરાઈ તો કેટલાક બાળકો કેમિકલ હુમલાનો શિકાર બન્યા હોવાનું રિપોર્ટમાં જણાવાયું છે.


રિપોર્ટમાં જણાવ્યા મુજબ કુલ ૧૧,૪૨૦ મૃત્યુ પામેલા બાળકો પૈકી ચોથા ગોળી મારી દેવામાં આવી હતી. જ્યારે દર ૧૦ પૈકી સાત બાળકો બોમ્બ બ્લાસ્ટમાં મોતને ભેટ્યા હતા. રિપોર્ટમાં વધુ જણાવાયું છે. કે ૧૩થી ૧૭ વર્ષની વયજૂથના બાળકોને વધુ નિશાન બનાવવામાં આવ્યા છે, છોકરીઓ ની તુલનાએ વધુ છોકરાઓના આ યુદ્ધમાં મૃત્યુ થયા છે. ૧૧૨ જેટલા બાળકો જે પૈકીના કેટલાક એક વર્ષ કરતાં પણ નાની ઉંમરના છે તેમને યાતના આપીને મારવામાં આવ્યા હોવાનો ચોંકાવનારા ખુલાસો આ રિપોર્ટમાં કરાયો છે.

**તહેલકાના પૂર્વ એડિટરની મુશ્કેલીઓમાં વધારો**

## તેજપાલની ધરપકડ ન કરવાની અરજી દિલ્હી હાઈકોર્ટે ફગાવી

નવી દિલ્હી, તા.૨૬

તહલકાની મહિલા પત્રકાર સાથે દુરવ્યવહાર મામલે પૂર્વ એડિટર તેજપાલની મુશ્કેલીઓ વધી રહી છે. આજે દિલ્હી હાઈકોર્ટ દ્વારા તરૂણ તેજપાલે કરેલી આગોતરા જામીન પરની સુનાવણી ટાળી દીધી હતી. હવે આવતીકાલે દિલ્હી કોર્ટ દ્વારા તેજપાલની આગોતરા જામીન અરજી પર ફરીથી સુનાવણી હાથ ધરવામાં આવશે.



ઉલ્લેખનીય છે કે તરૂણ તેજપાલે પોતાની ધરપકડ ન થાય તે માટે દિલ્હી હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. કોર્ટે તેની ધરપકડ ન કરવાની અરજી પણ ફગાવી દીધી છે. આમ ગોવા પોલીસ ગમે ત્યારે તરૂણ તેજપાલની ધરપકડ કરી શકે છે. બીજી બાજુ તહેલકા કાંડમાં નવો વળાંક આવ્યો છે. પીડિતા સહિત તહેલકાની ત્રણ પત્રકારોએ મેગેઝિનમાંથી રાજીનામુ ધરી દીધુ છે. સૂત્રો તરફથી પ્રાપ્ત થતી માહિતી મુજબ તહેલકાના ફોટો એડિટર ઈશાન ખનખા, લિટરેટરી એડિટર, સૌગતદાસ ગુપ્તા અને પીડિત મહિલા પત્રકારે તહેલકા છોડી દીધુ છે. આ તરફ તરૂણ તેજપાલને દિલ્હી હાઈકોર્ટ સમક્ષ આગોતરા જામીનની અરજી સાથે આ સમગ્ર કેસની તપાસ પણ અન્ય એજન્સીઓને સોંપવા માંગ કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ તેજપાલના સલાહકારે આ અંગે માર્ગદર્શન આપ્યુ હતુકે ગોવા પોલીસની જગ્યાએ અન્ય એજન્સીઓ પાસે તપાસ કરાવવા માંગ કરો. જોકે કોર્ટે તેજપાલની એક પણ માંગ સ્વીકારવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. ગોવા પોલીસ પણ તેજપાલની મુશ્કેલીઓ વધારી રહી છે. ગોવા પોલીસે પીડિતાના નિવેદનના આધારે કેસને વધારે મજબુત બનાવી દીધો છે ત્યારે ગોવા પોલીસ તેજપાલની ગમે ત્યારે ધરપકડ કરે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે તહેલકાના પૂર્વ એડિટર તરૂણ તેજપાલ સામે મહિલા પત્રકારે એક હોટલમાં બળાત્કારનો પ્રયાસ કર્યો હોવાની ફરિયાદ ગોવા પોલીસ સ્ટેશનમાં નોંધવી છે જેના પગલે તરૂણ તેજપાલે તહેલકાના એડિટર પદેથી રાજીનામુ ધરી દીધુ છે.

## બાંગ્લાદેશમાં ૫ જાન્યુઆરીએ સામાન્ય ચૂંટણી યોજવા જાહેરાત

ઢાકા,તા. ૨૬

ચૂંટણી અંગે આગામી લીગ અને બીએનપી વચ્ચે મતભેદો હોવા છતાં ચૂંટણી પંચે પાંચ જાન્યુઆરીએ દેશમાં સામાન્ય ચૂંટણીની જાહેરાત કરી દીધી છે. મુખ્ય વિપક્ષ બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટીના સંભવિત વિરોધ પ્રદર્શનને અટકાવવા માટે તંત્ર દ્વારા રાજધાની ઢાકામાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી એક ગેરપક્ષીય ચૂંટણી કરવા માટે આંદોલન કરી રહી છે. બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના દ્વારા તાજેતરમાં જ રચાયેલ એક બહુદળીય કાર્યકારી સરકાર આ ચૂંટણીની દેખરેખ રાખશે. જો કે બીએમપીએ દાવો કર્યો છે કે આ કાર્યકારી સરકારને દેખરેખમાં થનાર ચૂંટણીને વિશ્વસનીય ગણી શકાય નહીં. અહમદે જણાવ્યું હતું કે બંધારણીય રીતે સ્વતંત્ર સંસ્થા ચૂંટણી પંચે ચૂંટણી અંગે બંને પાર્ટીઓ વચ્ચે ચાલતા મતભેદને કારણે ચૂંટણીની જાહેરાત કરવામાં બે મહિના સુધી રાહ જોવી પડી છે. પરંતુ હવે ચૂંટણી પંચ પાસે વધુ સમય રાહ જોઈ શકાય તેવો નથી. તેમણે ઉમેર્યું હતું કે ચૂંટણી પંચે બંધારણીય સમયસીમા મુજબ ૨૪ જાન્યુઆરી ૨૦૧૪ પહેલા સામાન્ય ચૂંટણી કરાવવી ફરજિયાત છે.

અત્યારે બીએમપી નેતા વિપક્ષી ગઠબંધને ચૂંટણી પંચ દ્વારા જાહેરાત કરાયા બાદ તત્કાલીન કોઈ પ્રતિક્રિયા આપી નથી. જો કે બીએમપીના એક નેતાએ આ જાહેરાત પહેલા જણાવ્યું હતું કે સરકાર વિપક્ષની માંગો પૂરી કર્યા વગર જો ચૂંટણી કરાવશે તો તેને તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે.

## સમાચાર ઝલક


- ♥ ચૂંટણીમાં નેગેટીવ વોટીંગ મામલે ફરીથી કોર્ટે ચૂંટણીપંચની સલાહ ફગાવી.
- ♥ બેંગ્લોરમાં એટીએમમાં સિક્યોરીટી ન હોવાથી ૩૦ એટીએમને સીલ માર્યા.
- ♥ આજથી જી.ટી.યુની સેમેસ્ટર પરીક્ષાનો પ્રારંભ થયો.
- ♥ હોકી વર્લ્ડકપ ૨૦૧૪ નેધરલેન્ડમાં રમાશે.
- ♥ સ્વૈચ્છિક નિવૃત્તિ લેનાર પેન્શનરોને મોંઘવારી ભથ્થાનો લાભ નહિ મળે, ૨૦૦૯ પહેલાં નિવૃત્ત થનારને લાભ નહીં મળે.
- ♥ આસામમાં સામુહિક બળાત્કારની ઘટના બની, બળાત્કાર બાદ મહિલાને ફેંકી દીધી.
- ♥ ૨૬/૧૧નાં ત્રાસવાદી હુમલાને પાંચ વર્ષ પૂર્ણ થયાં, છતાં આરોપીઓ સામે પાકિસ્તાન કોઇ કાર્યવાહી નહીં.
- ♥ ડિસેમ્બર મહિનામાં ઇરાન પરનાં પ્રતિબંધો પાછા મુકાશે.
- ♥ મુસ્લિમ સંગઠન સીમીની ધમકી બાદ નાસિકની ચલણી નોટોની બનાવતી પ્રેસની સુરક્ષા વધારવામાં આવી.
- ♥ ભરૂચના ગોલ્ડન-સરદાર બ્રીજના ટ્રાફિકને પગલે નોકરિયાત વર્ગ પરેશાન.
- ♥ સહકારી બેન્કો પણ પાનકાર્ડ ઇશ્યુ કરી શકે છે.
- ♥ સ્ટેટ બેંકના ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર પર લાંચનો આરોપ મુકાયો, રજા પર ઉતારી દેવાયો.
- ♥ દેશભરની હોસ્પિટલોને ઓળખ નંબર આપવાનું ઇરડાનું આયોજન.
- ♥ અમેરિકામાં ભારે વરસાદ હિમપ્રપાતનું તોફાન ૧૩નાં મોત.
- ♥ ફિલ્મ અભિનેત્રી આકાંક્ષા બ્રેસ્ટ કેન્સરને માત કરી ફિલ્મમાં ફરી આવી.
- ♥ છૂટ્ટાની રામાયણમાં એસ.ટી.બસોમાં લુંટાઇ રહેલા બસ મુસાફરો.
- ♥ કેન્દ્રમાં હવે ભ્રષ્ટાચાર વિરૂદ્ધની સરકારી યોજનાની ફાઇલો ગુલ.
- ♥ ભાવનગર જિલ્લા પંચાયતમાં રૂા. ૯૦ લાખના ભ્રષ્ટાચારમાં આરોપ પોતે જ તપાશનીશ અધિકારી પર.
- ♥ ગુજરાતમાં સાઉદી સોર્સ નામનો વાયરસ ત્રાટકે તેવા સંજોગો.
- ♥ 'મનરેગા' માં વેતન વધારવામાં આવશે, જેથી ગામડાં રોજગારી વધશે.
- ♥ મગ-અડળની દાળના ભાવ વધ્યા, બાસમતી ચોખામાં ભાવ વધશે.
- ♥ હાઇવે પર ટ્રક ચાલકો વર્ષે ૨૨,૦૦૦ કરોડની લાંચ ચૂકવતા હોવાનો સર્વે.
- ♥ આત્મા અસલી હોય તો કથાનું રસપાન સારી રીતે થઇ શકે : મોરારિ બાપુ.

**ડિસેમ્બરમાં ટાઈમનો એવોર્ડ જાહેર થશે**

## મોદી ટાઈમ મેગેઝિનના પર્સન ઓફ ધ યર માટે નામાંકિત

વોશિંગ્ટન,તા. ૨૬

ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને ન્યૂયોર્કના વિશ્વ પ્રખ્યાત ટાઈમ મેગેઝિને પર્સન ઓફ ધ યરના એવોર્ડ માટે નામાંકિત કર્યા છે. એક ઓનલાઈન પોલના આધારે નરેન્દ્ર મોદીનું નામ નક્કી કરાયું છે. આ લિસ્ટમાં નરેન્દ્ર મોદી એક માત્ર ભારતીય છે. ટાઈમ મેગેઝિને પર્સન ઓફ ધ યર ૨૦૧૩ માટે વિશ્વભરમાંથી ૪૨ નેતાઓ, ઉદ્યોગપતિઓ અને સેલિબ્રિટીઓને નામાંકિત કર્યા છે.



વિજેતાનું નામ ડિસેમ્બર મહિનામાં જાહેર કરાશે. નરેન્દ્ર મોદી ઉપરાંત આ લિસ્ટમાં જાપાનના વડાપ્રધાન શીઝો અબે, અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા, પાકિસ્તાનની બાળકી મલાલા યુસુફ જઈ, અમેઝનના સીઓ ઝેફ બેજોશ, એનએસએના વિશલ ગ્લોઅલ એડવર્ડ સ્નોડેન અને બ્રિટેનના નાના રાજકુમાર પ્રિન્સ જ્યોર્જનો સમાવેશ થાય છે. મોદી અંગે ટાઈમ મેગેઝિને જણાવ્યું હતું કે વિવાદીત હિંદુ રાષ્ટ્રવાદી અને ભારતના ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી એક એવા વ્યક્તિ છે જે દુનિયાના સૌથી મોટા લોકતંત્ર ભારતની સત્તાધારી પાર્ટી કોંગ્રેસને ભયભીત કરી શકે છે. ઉલ્લેખનીય છે કે ટાઈમ મેગેઝિનના આ લિસ્ટમાં મોદી એક માત્ર ભારતીય નેતા છે. વિજેતાની જાહેરાત આગામી મહિને ટાઈમ મેગેઝિનના સંપાદક કરશે. નામાંકન માટે કરવામાં આવેલ પોલમાં લોકોની એવા વ્યક્તિઓને વોટ આપવા જણાવાયું હતું કે જેઓ તેમના વળતરને પ્રભાવિત કરે છે. આ પોલમાં નરેન્દ્ર મોદીને ૨૫ ટકા એટલે કે ૨૬૫૦ વોટ મળ્યા હતા. આ યાદીમાં નરેન્દ્ર મોદી બીજા નંબરે રહ્યા હતા. જેઓ સ્નોડેનથી ઘણા આગળ છે. સ્નોડનને માત્ર સાત ટકા જ વોટ મળ્યા હતા.

## ધુમ-૩ના ટાઈટલ સોન્ગની પાછળ પાંચ કરોડનો ધુમાડો

મુંબઈ, તા.૨૬

આદિત્ય ચોપડાની આગામી ફિલ્મ ધુમ-૩ના ટાઈટલ ટ્રેક ધુમ મચાલે ગીત માટે રૂા. પાંચ કરોડનો ખર્ચો કર્યો છે. ધુમ-૩ ફિલ્મમાં ધુમ મચાલે સોન્ગ બોલીવુડના મિસ્ટર પરફેક્ટનીશ આમિર ખાન અને કેટરીના કેફ પર બનાવવામાં આવ્યું છે. સાંભળવામાં આવ્યું છે કે આ ટાઈટલ સોન્ગને આદિત્ય ખુબ શાનદાર રીતે બનાવવા માંગતા હતા. આ સોન્ગને બેસ્ટ બનાવવા માટે આદિત્યએ અમેરિકાથી ખાસ ૨૦૦ પ્રોફેશનલ જિમનાસ્ટિક બોલાવવામાં આવ્યા છે. ધુમ મચાલે સોન્ગમાં ડિરેક્ટર દ્વારા રૂા. પાંચ કરોડનો ધુમાડો કરવામાં આવ્યો છે. આ પહેલા કોઈ પણ ફિલ્મના ટાઈટલ ગોન્ગ પર આટલો બધો છર્ચ કરવામાં આવ્યો નથી. આ ગીતમાં આમિર ખાન અને કેટરિના



કેફ વિવિધ તરકીબ કરતા જોવા મળી રહ્યા છે. આ ફિલ્મમાં આમિર ખાન નેગેટીવ રોલ કરી રહ્યા છે. બોલીવુડમાં ફિલ્મના માર્કેટીંગ માટે સંગીતએ ખુબ અગત્યની ભુમિકા ભજવે છે અને સંગીત પહેલા રિલીઝ થતું હોવાથી દર્શકોને સિનેમાંઘરોમાં ખેંચી લાવે છે. દરેક ફિલ્મોના કુલ પ્રચાર ખર્ચમાંથી ૫૦ ટકા ખર્ચ ફિલ્મોના સંગીતના પ્રચાર માટે વાપરવામાં આવે છે પરંતુ આ વર્ષના અંતમાં રિલીઝ થનારી મેઘા બજેટ ફિલ્મ ધુમ-૩નું કોઈ પણ ગીત ટીવી ઉપર દેખાડવામાં આવશે નહીં. ફિલ્મ ધુમ-૩નું કોઈપણ ગીત ટીવી, ઈન્ટરનેટ, કે કોઈપણ પ્રચારમંચ ઉપર દેખાડવામાં આવશે નહીં. હાલમાં માત્ર એક ગીત ધુમ મચાલે જ રિલીઝ કરવામાં આવ્યું છે અને આ ગીત ફિલ્મનું ટાઈટલ સોન્ગ છે.

**ગુલમહોર** (પાના નં. ૪ નું ચાલુ)

જીવન અને સમયની વાત કરીએ તો જીવન એક ખુબસૂરત કવિતા છે. એક સરસ મજાનો પ્રસંગ છે. એક કૉલેજના વિદ્યાર્થીઓ વર્ષો પછી ભેગા થયા. દરેક જણ પોતપોતાની કેરિઅરમાં જોડાયેલા હતા. સૌએ પોતાના માનીતા અધ્યાપકને મળવાનું ની કર્યું. અધ્યાપક સૌને મળીને રાજી થયા. ભેગા થયેલા મિત્રોએ એકબીજાને પોતાના જોબ પ્રોફાઈલ, સૅલરી, મેરેજ, ફેમિલી વગેરે વાતો કરી. કેટલાક મિત્રોને પોતાના જીવન વિશે અસંતાષ અને કચવાટ પણ હતો, જે અધ્યાપક પામી ગયા. તેઓએ પોતાના શિષ્યો માટે ચા બનાવતા નોકરને કિચનમાં જઈને સૂચના આપી કે દરેક વિદ્યાર્થીને ચા જુદા જુદા વાસણમાં આપવી. કાચનો કપ, એક્રેલિકનો કપ, ચિનાઈ માટીનો કપ, સ્ટિલનો કપ. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને નવાઈ પણ લાગી કે જુદા જુદા કપમાં ચા કેમ આપી હશે?

એક સ્ટુડન્ટે તો પૂછી પણ લીધું કે "સર, ટી-કપનો સેટ હોવા છતા આમ અલગ અલગ કપમાં ચા આપવાનું કારણ શું?"

અનુભવી આંખોથી નિરીક્ષણ કરનાર નિવૃત્ત અધ્યાપકે કહ્યું કે "તમારા સવાલમાં જ તમારો જવાબ પણ છુપાયેલો છે. ચાલો, હું તમને સૌને વિગતવાર સમજાવું. તમારે ચાની લિજ્જત માણવાની છે કે એ કયા વાસણમાં આપી છે, એની સાથે સંબંધ છે?"

પેલા તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ એક અવાજે કહ્યું કે "સીધી વાત છે. તમે અમારો આતિથ્યસત્કાર કર્યો અને ચા પીવા આપી. અમારે પણ ચાની મજા માણવાની હોય. એ કયા પ્રકારના વાસણમાં આપવામાં આવી છે, એનાથી શો ફેર પડે છે? કેમ કે અમારે ચા પીવાની છે, કપના ટુકડા કરીને ખાવાના નથી."

નિવૃત્ત અધ્યાપકે ફરી એક વાર કહ્યું કે "તમારી વાતમાં જ તમારો જવાબ છે. હું તમને સૌને આ જ વાત કરવા માગું છું. તમારા સૌનો જોબ-"પ્રોફાઈલ જુદો છે, સૅલરી પણ સૌનો અલગ અલગ છે. તમે બધા જુદા જુદા શહેરમાં રહો છો. આ બધા સ્થિતિ અને સંજોગો એ કપ - વાસણ - સાધન છે. તમારું સાધ્ય - લક્ષ્ય જીવન છે. જીવનને શ્રેષ્ઠ રીતે જીવવું એ કપમાં રહેલી ચા છે. જીવન બધા પાસે સમાન છે, એનો આનંદ માણવાના બદલે તમે જો એકબીજાના કપ એટલે કે એકબીજાની પૉઝિશન અને સંજોગોની સરખામણી કરતા રહેશો, તો તમે ચાની એટલે કે જીવનની મજા માણી નહીં શકો. તમારે ચાની મજા માણવી છે કે કપની ચર્ચા કરવી છે? તમારે સ્થિતિ અને સંજોગોની સરખામણી કરવી છે કે જીવનની મજા માણવી છે?" બસ, આટલી વાત સાંભળતા જ દરેક વિદ્યાર્થીઓ પોતાના નિવૃત્ત અધ્યાપક સામે ઝુકી પડ્યા અને નમન કર્યા.

નિવૃત્ત અધ્યાપકનો એ જ મેસેજ હતો કે જીવનમાં મળેલી ક્ષણેક્ષણ માણી લો. હર પરિસ્થિતિ અને સંજોગોમાં જીવી લો. એવા તમામ સંજોગો અને સ્થિતિ જો પ્રતિકૂળ હોય તો પણ એના વિશે ફરિયાદ કરવાથી કોઈ ફેર પડવાનો નથી. કારણ કે આપણને ના ગમતા સંજોગો અને સ્થિતિ અંગે કચવાટ કરવાથી તમારા જીવનની "ચા" ઠંડી પડી જશે. એક વાર સમય વીતી જાય પછી એ સમય જીવનમાં ક્યારેય પાછો આવતો નથી. બસ, જીવનમાં ચાલતા રહો - ચાલતા રહો.

**સ્ટૉપર :**

**"પરિંદો કો તાલીમ નહીં દી જાતી ઉડાનોં કી,**
**વો ખુદ હી તય કરતે હૈ મંઝિલ આસમાનોં કી,**
**રખતા હો જો હોંસલા આસમાનો કો છૂ ને કા,**
**ઉસકો નહીં હોતી પરવા ગિર જાને કી"**

**- સમાપ્ત**